વડીલોને વંદન અભિનંદન

ગણપતભાઈ એન. પરમાર
(૧૯૪૮)મો.૯૨૨૮૮૮૨૩૪૮

ધનસુરા કિશોરપુરામાં ઘરફોડ ચોરી

સાબરકાંઠા જિલ્લાના ધનસુરા તાલુકાના કિશોરપુરામાં ગુરૂવારની વહેલી સવારે તસ્કરોએ ત્રાટકી ધુળીબેન જગતસિંહ મકવાણાના ઘરના પાછળના દરવાજાનું તાળુ તોડી અંદર પ્રવેશ કર્યો હતો અને ઘરમાં રહેલ તિજોરી તોડી તેમાંથી સોના-ચાંદીના દાગીના આશરે ૩ તોલા કિં. રૂ. ૯ હજારની મત્તાની ચોરી કરી લઈ ગયા હતા જે અંગે ધનસુરા પોલીસે ધૂળીબહેનની ફરિયાદના આધારે ફરિયાદ નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પાલનપુર તાલુકાના રાજપુરીયા ચેક ડેમ પરથી પટકાતા બાળા ગંભીર

પાલનપુર તાલુકાના રાજપુરીયા ગામે આવેલ ચેકડમેન પરથી એક બાળા નીચે પટકાતા ગંભીર રીતે બાળા ઘવાઈ હતી. આથી તાત્કાલિક સારવાર માટે ૧૦૮માં પાલનપુર સિવિલ ખાતે ખસેડવામાં આવી હતી. પાલનપુર તાલુકાના રાજપુરીયા ગામની ઉજમબેન મકવાણા નામની બાળા ઢોર માટે ચારો લેવા ગઈ હતી અને પાછી ફરતી હતી ત્યારે ચેકડેમ પરથી પસાર થતાં અચાનક ચક્કર આવવાના કારણે બાળા ચેકડેમ પરથી નીચે પટકાતા બાળાને કમ્મરના ભાગે ગંભીર ઈજાઓ થવા પામી હતી. તાત્કાલિક ૧૦૮ની મદદથી પાલનપુર સિવિલ ખાતે ખસેડવામાં આવી હતી.

યુનિ.ના બે વિદ્યાર્થીઓ સટ્ટો રમતા ઝડપાયા

આઈપીએલની મેચોમાં હાઈ પ્રોફાઈલ સટ્ટાનું કૌભાંડ બહાર આવ્યું છે ત્યારે ગુજરાત યુનિવર્સિટીના હોસ્ટેલમાંથી પણ બે વિદ્યાર્થીઓ આઈપીએલ પર સટ્ટો રમતા ઝડપાઈ જતા શહેરમાં ભારે હલચલ મચી ગઈ હતી. જેમાં એક વિદ્યાર્થી એમબીએમાં અભ્યાસ કરે છે અને બીજો વિદ્યાર્થી ફાર્મીસીમાં અભ્યાસ કરે છે.

શિક્ષકોને નિવૃત્તિ સમયે ૩૦૦ રજાનો રોકડમાં જ લાભ મળશે

રાજ્યની ગ્રાન્ટેડ અને માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શિક્ષકોને લાભ થશે : ટૂંકમાં સત્તાવાર જાહેરાત

અમદાવાદ, તા.૧૮

રાજ્યની ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શિક્ષકોને નિવૃત્તિ સમયે રજાઓના મળતા લાભને લઈ ચાલી રહેલ વિવાદ ઉકેલવાનાં સંકેતો પ્રાપ્ત થઈ રહ્યા છે. અત્યાર સુધી શિક્ષકોને નિવૃત્તિ સમયે માત્ર ૧૫૦ રજાઓનો જ લાભ રોકડમાં મળતો હતો. જેમાં વધારો કરવાની શિક્ષકોની વારંવારની રજુઆતને ધ્યાનમાં લઈ રાજ્ય સરકારના નિર્ણય વિભાગ દ્વારા હવે શિક્ષકોને નિવૃત્તિ સમયે ૩૦૦ રજાઓનો લાભ રોકડમાં આપવાની જાહેરાત કરવામાં આવી છે. જેનાં કારણે રાજ્યની ગ્રાન્ટેડ માધ્યમિક શાળામાં ફરજ બજાવતા હજારો શિક્ષકોને રાહત મળી છે. પ્રાપ્ત થતી માહિતી મુજબ રાજ્ય સરકાર દ્વારા ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શિક્ષકોને નિવૃત્તિ સમયે ૧૫૦ રજાઓનો લાભ આપવામાં આવતો હતો. જોકે આ રજાઓ ઘણી ઓછી હોવાથી છેલ્લી ત્રણ વર્ષથી રાજ્યભરના માધ્યમિક સંઘ અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષક સંઘે રાજ્ય સરકારના શિક્ષણ વિભાગ પાસેથી નિવૃત્તિ સમયે ૩૦૦ રજાઓના લાભ આપવાની માંગણી કરી હતી.

સૂત્રો દ્વારા પ્રાપ્ત થતી માહિતી મુજબ રાજ્યભરના શિક્ષક સંઘોની માંગણીને ધ્યાનમાં રાખી રાજ્ય સરકારનાં શિક્ષણ વિભાગ દ્વારા શિક્ષકોને નિવૃત્તિ સમયે ૧૫૦ રજાઓના લાભને વધારીને ૩૦૦ કરવાનો નિર્ણય કર્યો છે. જેના કારણે હવેથી રાજ્ય સરકારના દ્વારા શિક્ષકોને નિવૃત્તિ સમયે ૩૦૦ રજાઓના લાભ રોકડમાં ચુકવવામાં આવશે. જેને લઈ રાજ્યભરના માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓનાં શિક્ષકોમાં આનંદ છવાઈ ગયો છે. આ ઉપરાંત રાજ્યના શિક્ષણ વિભાગે શિક્ષકોને એલટીસીનો લાભ આપવાની મર્યાદામાં પણ ૬ મહિનાનો વધારો કરે તેવી શક્યતા છે જેની જાહેરાત રાજ્ય સરકાર દ્વારા ટુંક સમયમાં કરશે.

આગામી જૂનના પ્રથમ સપ્તાહમાં બનાસકાંઠામાં લોકસભાની પેટાચૂંટણી સંદર્ભે સુરક્ષાના ભાગરૂપે શહેરના જુદા જુદા વિસ્તારોમાં પોલીસે પેટ્રોલીંગ સઘન બનાવ્યું છે. (તસવીર : હરેશ જી. જોષી, પાલનપુર)

મિલકતના ઝઘડામાં યુવકને જીવતો સળગાવવાનો પ્રયાસ

શહેરના મણિનગર વિસ્તારમાં રહેતા એક યુવકને મિલકતના ઝઘડાની અદાવત રાખી પેટ્રોલ છાંટી જીવતો સળગાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.મણિનગર વિસ્તારમાં આવેલા યાદવ ભુવન પાસે લેખરાજ મોહનભાઈ માખીજા (ઉ.૩૦) પોતાના પરિવાર સાથે રહે છે. લેખરાજ ભાઈને છેલ્લા કેટલાક સમયથી તેમના પરિવાર સાથે મિલકતની બાબતે ઝઘડા ચાલી રહ્યા હતા. ઝઘડાની અદવાત રાખી સુનિલ પુરપોત્તમભાઈ માખીજા, સુરેશ તવરમલ માખીજા, રાકેશ વાસુભાઈ માખીજા, વાસુભાઈ સાધુરામ માખીજાએ મિલકતના ઝઘડાની અદાવત રાખી શુક્રવારે સવારે લેખરાજભાઈ જ્યારે પોતાના ઘરની બહાર બેઠા હતા તે દરમિયાનમાં ચારે આરોપીઓએ આવી તેમની સાથે ઉગ્ર બોલાચાલી કરી હતી અને તેમની પાસે રહેલુ પેટ્રોલ કાઢી તેમના પર છાંટી દિવાસળી ચાંપી દીધી હતી.

સેક્ટર-૧૬ ખાતે આવેલ દેના બેંક દ્વારા બેંકના ગ્રાહકો સાથે એક મીટીંગનું આયોજન કરાયું હતું તે પ્રસંગની તસવીર. (તસવીર : દિપક જાની)

અર્ધ અછત વિસ્તારોની મુલાકાત લઈને અહેવાલ આપવા પ્રભારી સચિવોને સૂચના અપાઈ

ગાંધીનગર, તા. ૧૮

રાજ્યના અર્ધઅછતગ્રસ્ત વિસ્તારોમાં પાણી પુરવઠો અને અછતની સમીક્ષા કરવા જિલ્લાપ્રભારી સચિવોને પ્રભારી જિલ્લાની મુલાકાત લેવા અને અહેવાલ આપવા સૂચના આપવામાં આવી છે.

સચિવાલય સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ ચાલુ વર્ષે રાજ્યમાં ઓછો વરસાદ થતાં અંદાજે સાડાત્રણ હજાર જેટલા ગામડાઓમાં અર્ધઅછતની પરિસ્થિતિ ઉભી થતાં રાજ્ય સરકાર દ્વારા આ ગામડાઓમાં માર્ચ માસમાં અર્ધઅછત જાહેર કરવામાં આવી હતી.

રાજ્યમાં હાલ ઉનાળો મધ્યે તપી રહ્યો છે ત્યારે અર્ધઅછત વિસ્તારોમાં પીવાના પાણીની અને અછતની શું સ્થિતિ છે તે અંગેની સમીક્ષા કરવા માટે તમામ જિલ્લા પ્રભારી સચિવોને સત્વરે મુલાકાત લેવા અને આ વિસ્તારોમાં પીવાના પાણીની શું સ્થિતિ છે, કયા સોર્સ દ્વારા પાણી પુરૂ પાડવામાં આવી રહ્યું છે, પશુઓ માટેના ઘાસચારાની શું સ્થિતિ છે, એ તમામ બાબતો અંગેનો જિલ્લા કલેક્ટર પાસેથી તાગ મેળવીને સરકારને અહેવાલ આપવાની પ્રભારી સચિવોને સૂચનાઓ આપવામાં આવી છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ તાજેતરમાં જ રાજ્ય સરકાર દ્વારા ૨૨ જેટલા સનદી અધિકારીઓની બદલીઓ કરવામાં આવી હતી. જેમાં મોટા ભાગના જિલ્લાના કલેક્ટરોને બદલવામાં આવ્યા હતા. જેથી નવા જિલ્લા કલેક્ટરોને અછત પાણી પુરવઠા અને ભૌગોલિક પરિસ્થિતિથી વાકેફ ન હોય આ જિલ્લા કલેક્ટરને મહેસૂલ વિભાગના અગ્રસચિવ અને રાહત કમિશનરને અછત અને પાણી પુરવઠા અંગેની અદ્યતન વિગતોથી વાકેફ કરવા માટે સૂચના આપવામાં આવી હતી.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ જિલ્લા પ્રભારી સચિવો અછતગ્રસ્ત વિસ્તારોમાં પીવાના પાણી અને અછતની સ્થિતિ અંગેની સમીક્ષા કરીને તૈયાર કરેલ પોતાનો અહેવાલ આગામી સપ્તાહમાં રજુ કરનાર હોવાનું જાણવા મળે છે.

ગુજરાતના રાજ્યપાલે હઝરત ખ્વાજા મોઈનુદ્દીન ચિશ્તીને ચાદર ચઢાવી

ગાંધીનગર, તા. ૧૮

ગુજરાતના રાજ્યપાલ શ્રીમતી ડૉ. કમલાજીએ તાજેતરમાં હઝરત ખ્વાજા મોઈનુદ્દીન ચિશ્તીના ૮૦૧માં ઉર્સ પ્રસંગે હાજરી આપી સંત હઝરત ખ્વાજા સાહેબની દરગાહ પર ચાદર અને પુષ્પાંજલિ અર્પણ કરી હતી તથા દેશ અને રાજ્યમાં સુખ-શાંતિ પ્રગતિ માટે પ્રાર્થના કરી હતી.

રાજસ્થાનના અજમેર શહેરમાં યોજાઈ રહેલ હઝરત ખ્વાજા મોઈનુદ્દીન ચીશ્તી (ર.અ.)ના ૮૦૧ માં વાર્ષિક ઉર્સના પાવન અવસરે આજે ગુજરાતના રાજ્યપાલ ડૉ. શ્રીમતી કમલાજી તરફથી ચાદર અને પુષ્પાંજલિ અર્પિત કરાઈ હતી.

ઉર્સના પ્રસંગે દરગાહ કમિટીને પાઠવેલા સંદેશમાં રાજ્યપાલશ્રીએ જણાવ્યું હતું કે 'હઝરત ખ્વાજા મોઈનુદ્દીન ચિશ્તી (ર.અ.)ના ૮૦૧માં ઉર્સના પ્રસંગે ગુજરાત પ્રદેશવાસીઓ તરફથી સૂફી સંત હઝરત ખ્વાજા સાહેબની દરગાહ પર ચાદર અને પુષ્પાંજલિ અર્પણ કરું છું.' ડૉ. શ્રીમતી કમલાજીએ જણાવ્યું હતું કે ખ્વાજા સાહેબે દીન-દુખીઓ અને નિઃસહાય લોકોની સેવા કરી માનવતા, પ્રેમ અને કરૂણાનો સંદેશ આપ્યો છે. તેમણે શાંતિ, એકતા અને પરસ્પર ભાઈચારાની ભાવનાને સુદૃઢ બનાવી માનવતાના સિદ્ધાંતોને આત્મસાત કરવાની પ્રેરણા આપી છે. રાજ્યપાલશ્રીએ દેશ અને રાજ્યમાં સુખ-શાંતિ અને પ્રગતિ માટે ઈશ્વરને પ્રાર્થના કરી હતી.

બનાસકાંઠા લોકસભાની પેટા ચૂંટણી માટે સાબરકાંઠા ભાજપના કાર્યકરો રવાના

તાજપુર કેમ્પ, તા. ૧૮

બનાસકાંઠા લોકસભાની પેટાચૂંટણીના પ્રચાર પ્રસાર માટે અને ભાજપના ઉમેદવાર હરિભાઈ ચૌધરીને ચૂંટણીમાં જંગી બહુમતીથી વિજયી બનાવવાના હેતુથી આજે સાબરકાંઠા જિલ્લાના પદાધિકારીની સૂચનાથી મોટી સંખ્યામાં કાર્યકરો બનાસકાંઠા જવા રવાના થયા છે.

પ્રાપ્ત વિગતો મુજબ સાબરકાંઠા જિલ્લા ભાજપના પ્રમુખ જે.ડી. પટેલ અને મહામંત્રી વિજયભાઈ પંડ્યાની સૂચનાથી ચૂંટણીલક્ષી કામગીરી માટે અને પ્રચાર ઝુંબેશ અર્થે સાબરકાંઠા જિલ્લાના યુવા કાર્યકરો, મહિલા કાર્યકરો અને વિવિધ સેલના પદાધિકારીઓને બુથ મથકમાં બેસવા અને ભાજપના ઉમેદવારને જંગી બહુમતીથી વિજય બનાવવા મોટી સંખ્યામાં જિલ્લાના કાર્યકરોને રવાના કરવામાં આવ્યા છે. આ તમામ કાર્યકરો બનાસકાંઠા કાર્યકરની સાથે મળી કામગીરી કરશે.

સંગાથ-૪માં નૂતન જૈન આરાધના ભવનનો ઉદ્‌ઘાટન સમારોહ યોજાશે

અમદાવાદ, તા. ૧૭

શ્રી સાબરમતી મોટેરા જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘના પ્રમુખ દીનેશભાઈ શાહે માહિતી આપતા જણાવ્યું છે કે તા. ૨૨ મી મે-૨૦૧૩ના રોજ સવારે ૯ કલાકે સંગાથ-૪માં નૂતન જૈન આરાધના ભવન અને આયંબીલ ભવનના ઉદ્‌ઘાટનનો ભવ્ય સમારોહ યોજાશે. આ પ્રસંગે પૂ. ગચ્છાધિપતિ શ્રી જયઘોષ સૂરીશ્વરજી મ.સા. આદિ સાધુ-સાધ્વીજી વૃન્દની વિશાળ ઉપસ્થિતિ રહેશે.

શ્રી સાબરમતી-મોટેરા જૈન શ્વેતાંબર મૂર્તિ પૂજક સંઘ (સંગાથ)ના આંગણે શ્રી પ્રેમ-ભુવનભાનું સમુદાયના ગચ્છાધિપતિ, શાસન પ્રભાવક પ.પૂ. શ્રી જયઘોષસૂરિશ્વરજી મ.સા. આદિ પૂ. સાધુ-સાધ્વીજી ભગવંતોની વિશાળ નિશ્રામાં તા. ૨૨ મે ૨૦૧૩, બુધવારે સવારના ૯ થી ૧૨ માં વિશાળ ઉદ્‌ઘાટન સમારોહનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. પ.પૂ. મુનિરાજ શ્રી મોક્ષદર્શનવિજયજી મ.સા.ની પ્રેરણા અને આશીર્વાદથી શ્રી સંગાથ સંગના ટ્રસ્ટીઓ, વડીલો, શ્રી પાર્શ્વજૈન યુક મંડળના ઉત્સાહી નવયુવાનો અને મહિલા મંડળની ભગિનિઓ આ પ્રસંગને દીપાવવા માટે તનતોડ પ્રયત્નો કરી રહ્યા છે.

આયંબીલ તપની ઉત્તમ આરાધના ગોઠવવામાં આવી છે. ઉઠીને આંખે વળગે તેવા શ્રી ભુવનભાનુસૂરી નૂતન આરાધના ભવન અને બાબુ અમીચંદ પન્નાલાલ આદીશ્વરજી જૈન ટેમ્પલ ચેરીટેબલ ટ્રસ્ટ, વાલકેશ્વર મુંબઈ નૂતન આયંબીલ ભવનનું નિર્માણ કાર્ય પૂર્ણતાને પામ્યું છે. બાળકો માટેની ધાર્મિક સંસ્કાર પાઠશાળા પણ નવા ઓપ સાથે અહીં કાર્યરત રહેશે. દેશ-વિદેશના મહાનુભાવોને આ દિવ્ય પ્રસંગે પધારવા શ્રી સંગાથ સંઘ તરફથી નિમંત્રણ આપવામાં આવે છે. શ્રી સંગાથ સંઘમાં અદ્‌ભૂત ઉત્સાહ પ્રગટ્યો છે. એમ આયોજકો દ્વારા જમાવાયું છે.

સાબરમતી જેલ સુંરગકાંડમાં ૨૪ આરોપીઓ સામે ચાર્જશીટ

આતંકવાદના કેસમાં પકડાયેલા ૨૪ આરોપીઓ સામે કાઈમબ્રાંચે ફોજદારી કોર્ટમાં ચાર્જશીટ રજૂ કરી

અમદાવાદ, તા. ૧૮

ચકચાર સાબરમતી જેલ સુરંગ કાંડ મામલે આજે ક્રાઈમબ્રાંચે ફોજદારી કોર્ટમાં સફદર નાગોરી સહિત ૨૪ આરોપીઓ સામે આપીસી સેક્સન્સ ૧૩૦, ૨૨૪ અને ૧૨૦-બી હેઠળ ગુના નોંધવામાં આવ્યો છે. આ આરોપીઓ સામે કાઈમબ્રાંચે આઈપીસી ઉપરાંત પ્રિઝન એક્ટ ભંગ કરવાનો પણ ગુનો દાખલ કર્યો છે.

ચાર્જશીટમાં દશાવેલા ૨૪ આરોપીઓમાં હાફીઝ મુલ્લા, સિબલી અબ્દુલ કરીમ, નાસીર અહેમદ પટેલ, જાદેદ ચાંદભાઈ શેખ, મુક્તી અબુબગીર શેખ, મહોમ્મદ ઈસમાઈ, નદીમ સૈયદ, ઈકબાલ શેખ, મહીમાદ અંસારી મુસ્લિમ, મોહમ્મદ ઉસ્માન અગરબત્તીવાલા, ઈમરાન શેખ, સાકુર રહેમાન, શકવીબનશીર શેખ, કવયામુદીન કાપડીયા, અબ્બાસ રહેમાન મુસ્લિમ, ઝીસાન શેખ, સબદર નાગોરી, કમરુદીન નાગોરી, મોહમ્મદ અલી જમાલ અલી અંસારી, મોહમ્મદ સૈફ રાહઉ સામી, ફાઝુદીન નાસરનો સમાવેશ થાય છે.

૧૮ ફુટ ઉંડી ખોદાયેલી સાબરમતી જેલ સુરંગ માટે જેલના સ્ટાફને પણ જવાબદાર ઠેરવવામાં આવ્યો હતો અને આ માટે વિભાગીયા તપાસ કરવામાં આવી હતી. નોંધનીય છે કે અમદાવાદ સિરયલ બ્લાસ્ટના કેસના આરોપીઓ દ્વારા અમદાવાદ સેન્ટ્રલ જેલમાં ૧૮ ફુટ ઉંડી સુરંગ ખોદવામાં આવી હતી. સુરંગકાંડની તપાસમાં ૨૦ પાનાનો તપાસ રિપોર્ટ એડીશનલ ડીજીપી દ્વારા સબમીટ કરવામાં આવ્યો હતો.

આ રીપોર્ટમાં પ્રિઝન ગાર્ડર્સનો કોઈપણ પ્રકારનો દોષ દર્શાવવામાં આવ્યા ન હતા.

સુંરગકાંડ બહાર આવ્યા બાદ અમદાવાદ બોમ્બ બ્લાસ્ટના ૧૪ જેટલા આરોપીઓને નવી હાઈસેક્યુરીટી બેરેકમાં ખસેડવામાં આવ્યા છે. આ હાઈ સિક્યુરીટી બેરેકમાં કેમેરા સહિતની સુવિધાઓથી છે. પ્રાથમિક તપાસમાં જેલર ડી.કે. પરમાર અને સિનિયર જેલર દિનેશ વણકરને સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. પ્રાથમિક તપાસમાં પોલીસને જેલમાંથી બે મોબાઈલો મળી આવ્યા હતા.

લૂંટારાઓએ મારમારી યુવકને લુંટી લીધો

અમદાવાદ, તા. ૧૮

શહેરમાં દિન-પ્રતિદિન ખુલ્લેઆમ લૂંટફાટ તેમજ ચોરીના બનાવોમાં વધારો થઈ રહ્યો છે. લુટારાઓ ખુલ્લેઆમ પોલીસને પડકાર ફેંકી રહ્યા છે રસ્તા પર જઈ રહેલી મિહાલાઓના ગળામાંથી ચેઈનસ્નેચિંગ, ચીલઝડપ, મારમારીને લૂંટી લેવા તેવા બનાવોમાં દિન-પ્રતિદિન વધારો થાય છે અને પોલીસ નિષ્ક્રિય બનીને બેસી રહે છે. શહેરનાં શાહિબાગ વિસ્તારમાં મધરાતે ઘરે પરત ફરી રહેલા એક વ્યક્તિની લૂંટરાઓએ ગાડી રોકી મારમારી રૂા. ૬૦૦૦૦ની મત્તાની લૂંટ ચલાવી ફરાર થઈ ગયા હતા. પોલીસે આ અંગે ગુનો નોધી વધુ તપાસ હાથ ધરી છે.

ઘટનાની વિગતવાર માહિતી એવી છે કે શહેરના મણિનગર વિસ્તારમાં આવેલા ગીરીવર એપાર્ટમેન્ટ ખાતે દિપ કિરીટકુમાર જાની પોતાની પરીવાર સાથે રહે છે. શુક્રવારે રાત્રે ૧.૩૦ વાગ્યાના સુમારે દિપભાઈ પોતાની કારમાં તેમના મિત્ર સાથે શાહિબાગના રાણકપુર વિસ્તારમાંથી પસાર થઈ રહ્યા હતા. તે દરમિયાનમાં એક્ટિવા તેમજ મોટરસાઈકલ પર ચાર અજાણ્યા શખ્સોએ આવી તેમની કાર થોભાવી. દિપકભાઈ અને તેમના મિત્રને કારમાંથી ઉતારી ગડદાપાટુનો માર માર્યો હતો અને દિપના ગળમાં રહેલો સોનાનો દોરો કિંમત રૂા. ૬૦,૦૦૦નો લુંટી ચારેય શખ્સો ફરાર થઈ ગયા હતા.

શબ્દાવલી - ૫૦૬૭

૧	૨	૩		■	૪	૫	૬
૭		■	૮		■	૧૦	
૧૧		■	૧૨		૧૩		■
■	■	૧૪		■		■	૧૫
૧૬	૧૭		■	૧૮		૧૯	
૨૦			■		■	૨૧	
	■	૨૨			૨૩	■	■
૨૪			■	૨૫			

આડી ચાવી

૧. મુદત આપવી, ... આપવી (૪)
૪. નક્કી કરવું, રોગનું ... કરવું (૩)
૭. જીતનું વિરોધી... થાય(૨)
૮. ઝેર, વિષ (૨)
૧૧. નમેલુ, નીચું (૨)
૧૨. અર્જીપો, સતપત, બકવાટ (૪)
૧૪. હિંમત (૨)
૧૬. પાણીનો નળ (૩)
૧૮. મર્યાદા, લાજ (૪)
૨૦. કર્મ, હર... અપના કરેંગે અય વતન... (૩)
૨૧. શરીર (૨)
૨૨. ઘટના, પ્રસંગ (૪)
૨૪. કવ્વાલ... ગાય છે (૩)
૨૫. લાફો, કાપાટ (૪)

ઊભી ચાવી

૧. મોટા, આપણા દેશમાં ઘણા... માણસો થઈ ગયા (૩)
૨. આશ્ચર્ય (૩)
૩. આશરે, લગભગ (૪)
૫. મિજબાની, જમણવાર (૩)
૬. આંગળીથી... વેગળાં (૨)
૯. તમને અને બંનેને મળશે (૨)
૧૩. તુચ્છ, હલકુ (૩)
૧૪. લલ્લુ પંજુ (૫)
૧૫. મુખ, ચહેરો (૩)
૧૬. ... ઝરવી, ઝઘડો થવો
૧૭. હાથ, હસ્ત (૨)
૧૮. મડદા જેવું (૪)
૧૯. જ્ઞાતિ, નાત (૨)
૨૩. તપસ્યા, સાધના (૨)

શબ્દાવલી ૫૦૬૫ના જવાબ

આડી ચાવી :- (૧) આપઘાત (૬) રાવટી (૭) કપ (૮) ધન (૯) ચમરબંધી (૧૧) અમર (૧૨) સુમન (૧૩) રીયાજ (૧૫) વખાર (૧૭) રમા (૧૮) જકાત (૧૯) માજી (૨૧) નરી (૨૨) જડભરત

ઊભી ચાવી :- (૧) આરાધના (૨) પવન (૩) ઘાટી (૪) કોપર (૫) પારધી (૭) કમર (૯) ચમન (૧૦) બંધીયાર (૧૧) અમરત (૧૨) સુખાકારી (૧૪) જમાનત (૧૫) વજન (૧૬) કમાડ (૨૦) જીભ

ટચૂકડી જાહેર ખબર

ફ્લેટ વેચવાનો છે

સે.૨૩ લગ્નવાડી પાસે, સારા લોકેશનનો ગ્રાઉન્ડ ફ્લોરનો ફ્લેટ વેચવાનો છે.

મો. ૯૮૯૮૦ ૩૦૬૫૨

જોઈએ છે

કોમ્પ્યુટર શિક્ષક (ફક્ત ભાઈઓ) B.Sc. અથવા B.Sc.B.Ed.

સંપર્ક : પ્રેરણા વિદ્યાલય

પ્લોટ નં. ૩૪૦, સેક્ટર-૫એ, ગાંધીનગર

મકાન ભાડે જોઈએ છે

અનુસૂચિત જાતિ કલ્યાણ, ગુ.રા., ગાંધીનગર સંચાલિત આદર્શ નિવાસી શાળા (અજા/કન્યા), સે.૧૩, ગાંધીનગર માટે સેક્ટર-૧૩, ગાંધીનગર ખાતે જ શાળા લાયક મકાનની જરૂરીયાત છે. રસ ધરાવનાર મકાન માલિકોએ મકાન અંગેના નકશા અને મકાન માલિકીના પુરાવા સાથે મકાન ભાડે આપવાનું સંમતિપત્રક તેમજ નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ જે ભાડું મંજૂર કરે તે સ્વીકારવા અંગેની સંમતિ અપેક્ષિત ભાડાની ૨કમ સહિતની દરખાસ્ત જાહેરાત પ્રસિદ્ધ થયેથી દિન-૧૦માં આર.પી.એ.ડી. દ્વારા નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીએ મોકલવાની રહેશે. કવર ઉપર મોટા અક્ષરે આદર્શ નિવાસી શાળા (અજા/કન્યા), સે.૧૩, ગાંધીનગર માટે ભાડાનું મકાન લખવાનું રહેશે. દરખાસ્ત પસંદગી અંગેની તમામ આખરી સત્તા નીચે સહી કરનાર અધિકારીશ્રીની રહેશે.

જે મકાન માટેની વિગતો

(૧) વર્ગખંડ માટે અંદાજીત ૨૦/૧૫ ચો.ફૂટના પાંચ રૂમ
(૨) કોમ્પ્યુટર લેબ ૨૦/૨૦ ચો. ફૂટ
(૩) વિજ્ઞાન પ્રયોગશાળા ૪૦/૪૦ ચો. ફૂટ
(૪) આચાર્ય સ્ટાફ માટે બે રૂમ ૧૨/૧૫ ચો. ફૂટ
(૫) પીવાના પાણી અને પાંચ સેનીટેશન સંબંધિત સગવડ
(૬) પાણી લાઈટ કનેક્શન નિયમ મુજબ જરૂરી દસ્તાવેજો.
(૭) પ્રતિ માસ ભાડાની ૨કમ / વિગતો તથા અન્ય શરતો.

દરખાસ્ત મોકલવાનું સરનામું
જિલ્લા પંચાત વર્ગ કલ્યાણ અધિકારીની કચેરી, બી-બ્લોક, છઠ્ઠો માળ, બહુમાળી ભવન, પ્રદિક્ષાપથ પાસે, સેક્ટર-૧૧, ગાંધીનગર

(જે. કે. અન્તાવ)
જિલ્લા પંચાત વર્ગ કલ્યાણ અધિકારી (વર્ગ-૧), ગાંધીનગર

માહિતી/૩૪૪/૧૩-૧૪

ગાંધીનગર શહેરની મધ્યમાં અદ્યતન ઓટોમેટીક મશીનોથી સજ્જ

સીયાટ એપોલો ગુડયર કંપનીના ટાયરની

સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ

Nirmala Tyres

Authorised DEALER : CEAT, APOLLO TYRES

CEAT TYRES — APOLLO TYRES

રવિવારે શો-રૂમ બપોરે ૧ વાગ્યા સુધી ચાલુ રહેશે

ઉપલબ્ધ સેવાઓ :

- ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ
- ટ્યુબલેસ ટાયરનું પંચર કરી આપવામાં આવશે.
- હાઈ ક્વોલિટી પંચર સર્વિસ
- મોટી ટ્રકો તથા ટ્રેક્ટરના ટાયરો હાજર સ્ટોકમાં તદ્દન વ્યાજબી ભાવે મળશે.

એપોલો એક્સીલીયર ટ્યુબલેસ ટાયરની સંપૂર્ણ રેન્જ મળશે.

૩૭૯/૨, સેક્ટર-૧૬, શાલીમાર સિનેમા પાસે, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૩૬૩૫૧, મો. : ૯૮૨૪૦-૬૪૫૨૮